અપીલ અરજી નં.૨૧૮ તા.૧૪–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જન સંપર્ક વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૮–૯–૧૦ની અરજીથી (૧) ૧૪–૫–૧૦ રોડ અધિકારી, સુ.મ.પા. ઉધના, સા.ઝોન (૨) ૧૬–૮–૧૦ કમિશ્નર સુરત મહાનગરપાલિકા સુરત. (૩)૩૦–૮–૧૦ કાર્યપાલક ઈજનેર તથા આરોગ્ય અધિકારી સા.ઝોન ઉધના (૪) ૩૦–૮–૧૦ કાર્યપાલક ઈજનેર રોડ અધિકારી ઉધનાઝોન (૫) ૩૧–૮–૧૦ ભરત એસ. શાહ એડી.સીટી ઈજનેર ઉધના ઝોન સદર જણાવેલ જાહેર હિતની અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની માહિતી અથવા ન થયેલ હોય તો જવાબદાર, નઘરોળ અધિકારીઓની નામ સહિતની વિગતવાર માહિતી તથા અરજીઓ જાહેર હિતની હોવા છતાં અરજદારને જવાબ ન આપવાના કારણો સહિતની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૪–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૧૮/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૮–૯–૧૦ની અરજીથી (૧) ૧૪–૫–૧૦ રોડ અધિકારી, સુ.મ.પા. ઉધના, સા.ઝોન (૨) ૧૬–૮–૧૦ કમિશ્નર સુરત મહાનગરપાલિકા સુરત. (૩)૩૦–૮–૧૦ કાર્યપાલક ઈજનેર તથા આરોગ્ય અધિકારી સા.ઝોન ઉધના (૪) ૩૦–૮–૧૦ કાર્યપાલક ઈજનેર રોડ અધિકારી ઉધનાઝોન (૫) ૩૧–૮–૧૦ ભરત એસ. શાહ એડી.સીટી ઈજનેર ઉધના ઝોન સદર જણાવેલ જાહેર હિતની અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની માહિતી અથવા ન થયેલ હોય તો જવાબદાર, નઘરોળ અધિકારીઓની નામ સહિતની વિગતવાર માહિતી તથા અરજીઓ જાહેર હિતની હોવા છતાં અરજદારને જવાબ ન આપવાના કારણો સહિતની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૪–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અપીલના મુદ્દાઓ અંગે પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૫ તા.૧૮–૧૦–૧૦ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. તેમજ અરજદારે પણ મુળ અરજીની નકલમાં જણાવેલ અરજીઓ પૈકી તા.૧૪–૫–૧૦ ની અરજીની નકલ અરજી સાથે કે અપીલ તબકકે પૂરી પાડેલ નથી જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પણ તેવી કોઈ વિગતો અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૮–૯–૧૦ થી અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ દર્શાવેલ તારીખોએ ઉધનાઝોનના જુદા જુદા અધિકારીઓને રોડ તથા ચોમાસુ પાણીના નિકાલ બાબતની ફરીયાદ અરજીઓની કાર્યવાહીને લગતી માહિતીની વિગતો તથા કમિ.શ્રીને ડાયરીમાં નામ સમાવવા બાબતેના ઠરાવ નં.૩૦૮/૨૦૧૦ બધા નામોનો સમાવેશ કરેલ છે તેની તપાસ કરી માહિતી આપવા અંગેની અરજી બાબતે માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ નિર્ણય ન મળવાથી અરજદારે તા.૧૪–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પણ અત્રેના વિભાગને કોઈ વિગતો મળેલ નથી. જેથી અરજદારને આ બાબતે થયેલી કાર્યવાહીની માહિતી મળેલ નથી. તેમજ અરજદારની માહતી માંગતી અરજીમાં ફરીયાદ અરજીઓ પૈકી ડાયરી બાબતેની માહિતી માંગતી અરજી જન સંપર્ક વિભાગને સ્પર્શતી હોઈ તે બાબતે જન સંપર્ક વિભાગને તબદીલ કરવાની રહે. જન સંપર્ક વિભાગે તબદીલ થયેથી તેની માહિતી આપવાની રહે. જે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી જન સંપર્ક વિભાગને તબદીલી અંગેની પણ કોઈ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ નથી તથા અન્ય ચાર અરજીઓ બાબતે પણ માહિતી આપ્યાની કોઈ વિગતો જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૯–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી તા.૧૬–૮–૧૦ ની કમિ.શ્રીને સંબોધીને કરેલ ડાયરી બાબત હેઠળની માહિતી જન સંપર્ક વિભાગને સ્પર્શતી હોઈ તબદીલ કરવા તે સિવાયની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. જન સંપર્ક વિભાગે અરજી તબદીલ થયેથી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ માહિતી પૂરી પાડવા ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જન સંપર્ક)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, ડે.કમિ.(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જન સંપર્ક વિભાગ) ..જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,